For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સુરતમાં 36.23 લાખ મતદાર નોંધાયા

**SIR** ડ્રાફ્ટ મુજબ પુરુષ મતદારો આગળ, મહિલાઓનું પ્રમાણ પણ નોંધપાત્ર

**કામરેજ** અને ચોર્યાસીમાં સૌથી વધુ મતદારો



સુરતઃ મતદાર યાદીના ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અંતર્ગત તા. 19-12-2025ના રોજ પ્રસિદ્ધ કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદી મુજબ સુરત જિલ્લાની 16 વિધાનસભાઓમાં કુલ 36,23,193 મતદારો નોંધાયા છે. જેમાં 18,78,949 પુરુષ, 17,44,144 મહિલા અને 100 થર્ડ જેન્ડર મતદારોનો સમાવેશ થાય છે.

ડ્રાફ્ટ યાદી અનુસાર કામરેજ 4.15 લાખ અને ચોર્યાસી 4.18 લાખ વિધાનસભાઓમાં મતદારોની સંખ્યા સૌથી વધુ નોંધાઈ છે. આ બંને વિસ્તારોમાં શહેરીકરણ અને વસ્તીવૃદ્ધિના કારણે મતદાર સંખ્યા સતત વધતી જોવા મળી રહી છે, જે આગામી ચૂંટણીમાં રાજકીય દ્રષ્ટિએ મહત્વપૂર્ણ બની શકે છે. સુરત પૂર્વ, સુરત ઉત્તર, સુરત

...અનુસંધાન પાના 5 પર

## મહિલા મતદારોનું પ્રમાણ વધુ

ઘણી વિધાનસભાઓમાં મહિલા મતદારોની સંખ્યા પુરુષો સામે નજીકની હોવાનું ચિત્ર સામે આવ્યું છે.

માંડવી, મહુવા અને બારડોલીમાં તો મહિલા મતદારો પુરુષોની સરખામણીએ વધુ કે લગભગ સમાન સંખ્યામાં નોંધાયા છે, જે વધતી રાજકીય જાગૃતિ અને નોંધણી અભિયાનની અસર દર્શાવે છે.

## થર્ડ જેન્ડર મતદારોની નોંધ પણ મહત્ત્વપૂર્ણ

ડ્રાફ્ટ યાદી મુજબ જિલ્લામાં કુલ 100 થર્ડ જેન્ડર મતદારો નોંધાયા છે. જેમાં ચોર્યાસી 20, સુરત પૂર્વ 15 અને ઉધના 12 બેઠકોમાં થર્ડ જેન્ડર મતદારોની સંખ્યા વધુ હોવાનું નોંધાયું છે.

## વિધાનસભા મુજબ મતદારોની સંખ્યા (SIR ડ્રાફ્ટ તા.19-12-2025)

| વિધાનસભાનું નામ | પુરૂષ | મહિલા | થર્ડ જેન્ડર | કુલ |
|---|---|---|---|---|
| ઓલપાડ | 1,91,514 | 1,77,376 | 3 | 3,68,893 |
| માંગરોળ | 1,01,899 | 1,00,074 | 1 | 2,01,974 |
| માંડવી | 1,11,185 | 1,15,967 | 3 | 2,27,155 |
| કામરેજ | 2,20,917 | 1,95,062 | 3 | 4,15,982 |
| સુરત પૂર્વ | 86,071 | 83,284 | 15 | 1,69,370 |
| સુરત ઉત્તર | 60,354 | 56,336 | 6 | 1,16,696 |
| વરાછા રોડ | 73,299 | 64,363 | 3 | 1,37,665 |
| કરંજ | 54,293 | 45,692 | 4 | 99,989 |
| લિંબાયત | 1,10,312 | 96,154 | 11 | 2,06,477 |
| ઉધના | 92,526 | 78,721 | 12 | 1,71,259 |
| મજુરા | 1,02,924 | 95,710 | 7 | 1,98,641 |
| કતારગામ | 1,28,010 | 1,14,488 | 1 | 2,42,499 |
| સુરત પશ્ચિમ | 1,07,094 | 1,04,227 | 2 | 2,11,323 |
| ચોર્યાસી | 2,21,741 | 1,97,003 | 20 | 4,18,764 |
| બારડોલી | 1,15,585 | 1,12,727 | 9 | 2,28,321 |
| મહુવા | 1,01,225 | 1,06,960 | 0 | 2,08,185 |
| **કુલ** | **18,78,949** | **17,44,144** | **100** | **36,23,193** |

### ૩૬.૨૩ લાખ મતદારોનો સમાવેશ

# સુરત જિલ્લામાં ૨૫.૦૫ લાખ મતદારોનું મેપિંગ પૂર્ણ

**૧૧.૧૭** લાખને નોટિસ, દાવા-વાંધાની પ્રક્રિયા શરૂ

સુરતઃ ભારતના ચૂંટણી પંચ દ્વારા અમલમાં મુકાયેલી મતદારયાદીનો ખાસ સઘન સુધારણા (SIR) કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લામાં આજ રોજ મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ કાર્યક્રમ દરમિયાન જિલ્લામાં કુલ ૨૫,૦૫,૩૧૧ મતદારોનું મેપીંગ કરવામાં આવ્યું છે. જ્યારે ૧૧,૧૭,૮૮૨ મેપીંગ નહીં થયેલા મતદારો સહિત કુલ ૩૬,૨૩,૧૯૩ મતદારોનો મુસદ્દા મતદારયાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંગે જિલ્લા કલેકટરાલય ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર ડો. સૌરભ પારઘીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, પ્રસિદ્ધ થયેલ

...અનુસંધાન પાના 5 પર

### સ્થળાંતર કિસ્સામાં પણ અરજી કરી શકાશે

મુસદ્દા મતદારયાદીમાં સમાવેશ થયેલા મતદારો માટે સ્થળાંતરના કિસ્સામાં પણ અરજી કરવાની સુવિધા આપવામાં આવી છે. આવા મતદારો તા. ૧૯/૧૨/૨૦૨૫ થી તા. ૧૮/૦૧/૨૦૨૬ દરમ્યાન નવા મતદાન વિસ્તારમાં ફોર્મ નં. ૮ તથા ડેક્લરેશન ફોર્મ સાથે યોગ્ય પુરાવા રજૂ કરી શકશે. ચકાસણી બાદ તેમનો સમાવેશ પણ આખરી મતદારયાદીમાં કરવામાં આવશે.

## ગુજરાતમાં 4 .34 કરોડ મતદારનો સમાવેશ

**દોઢ** માસ ચાલેલી SIRની કામગીરીમાં 73.73 લાખ મતદારો દૂર કરાયા

- **અવસાન પામેલા મતદારો- 18,07,278**
- **ગેરહાજર મતદારો- 9,69,662**
- **કાયમી ધોરણે સ્થળાંતર કરી ચૂકેલા મતદારો- 40,25,553**
- **બે જગ્યાએ નોંધાયેલા મતદારો- 3,81,470**
- **અન્ય મતદારો - 1,89,364**

**હવે** 18મી જાન્યુઆરી-2026 સુધીમાં મતદારો વાંધા-દાવા રજૂ કરી શકશે

### આ સ્થળેથી નામ છે કે નહીં તે ચકાસી શકાશે

- વેબસાઇટ http://ceo.gujarat.gov.in
- વોટર પોર્ટલ : voters.eci.gov.in
- ECINET App
- BLO પાસેથી
- જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી/ERO/AERO કચેરી ખાતેથી

ગાંધીનગર : કેન્દ્રિય ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી છે. ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની સતત દોઢ માસ સુધી હાથ ધરવામાં આવેલી ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ આજ રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

હવે તા.18મી જાન્યુઆરી,2026 સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી જે કંઇ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ તે રજૂ કરી શકશે. ત્યારબાદ તા.10મી ફેબ્રુઆરી,2026 સુધીમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે સાથે કામગીરી હાથ ધરવામાં આવશે.

મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવાના પ્રસંગે આજે ગાંધીનગરમાં મુખ્ય ચૂંટણી અધિકારી હારીત શુક્લાએ જણાવ્યું હતું કે,

BLO દ્વારા સતત ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં અવસાન પામેલા, કાયમી ધોરણે સ્થળાંતર કરેલા તથા બે જગ્યાએ મતદાર તરીકે નોધાયેલા મતદારોને ઓળખવામાં

...અનુસંધાન પાના 5 પર



(તસવીર : સતીષ જાદવ)

### મનપા બાદ હવે પોલીસ કમિશનરની ધાક દાવ પર લાગી

# ચૌટાના દબાણકર્તાઓનો મેયર-પોલીસ કમિશનરને ખુલ્લો પડકાર

**આજ** સુધી મનપાના તંત્રને નહીં ગાંઠતા દબાણકર્તાઓ ખુદ પોલીસ કમિશનરની ચીમકીને પણ ગાંઠ્યા નહી

**આખો** દિવસ દબાણો ઓછાં રહ્યાં, પરંતુ સાંજે જૈસે થે જેવી સ્થિતિ

સુરતઃ ચૌટાબજારના દબાણકર્તા મનપા અને પોલીસતંત્ર માટે ખુલ્લો પડકાર બની ગયો છે. મેયર અને પોલીસ કમિશનરની રૂબરૂ મુલાકાત ચૌટાબજારના દબાણકર્તાઓ માટે જાણે ભાજી-મુળા બરાબર હોય તેવી પ્રતિતિ થઇ રહી છે. કેમકે શહેરના પ્રથમ નાગરિક મેયર દક્ષેશ માવાણી અને પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે પોતે ચૌટાબજારમાં રૂબરૂ જઇને હાથમાં માઇક પકડી જાહેર અપીલ કરી કે દબાણ નહીં કરો સ્થાનિક લોકો તેમજ ટ્રાફિકના પ્રશ્નોને ધ્યાને રાખી સહકાર આપો અને દબાણ

...અનુસંધાન પાના 5 પર


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

શાસકોમાં ચૌટાનાં દબાણ હટાવવાની ક્ષમતા નથી

શાસકોમાં ચૌટાબજારના દબાણો હટાવવાની તાકાત નથી તેઓ 'ગુજરાતમિત્ર'નો 11 ડિસેમ્બરનો અહેવાલ સાચો પડ્યો

### 'શાસકોમાં ચૌટા બજારનાં દબાણો હટાવવાની તાકાત નથી

'ગુજરાતમિત્ર'માં જયારથી શહેરના હાર્દ સમાન ચૌટાબજારમાં દબાણોનો મુદ્દે ઉઠાવી મેયર અને પોલીસ કમિશનસર વરાછા રોડની જેમ કોટ વિસ્તાર અને ચૌટાબજારમાં રસ્તા પર ઉતરી 'દબાણ, ટ્રાફિક અને પાર્કીંગની સમસ્યાથી રુંધાઇ રહેલા કોટ વિસ્તાર અને ચૌટાબજારને મુકિત અપાવે તેવો પડકાર ફેંકયો હતો. ત્યારે પણ એક દિવસે મનપાના તંત્ર દ્વારા દબાણો હટાવાયા પરંતુ 'ગુજરાતમિત્ર'એ આ કાર્યવાહી માત્ર નાટક છે તેવો અંદેશો વ્યકત કરતા 'શાસકોમાં ચૌટાબજારના દબાણો દૂર કરવાની ક્ષમતા નથી' તેવા શિર્ષક હેઠળ દબાણો હટાવાયાના કલાકોમાં જ ફરીથી ચૌટબજારમાં દબાણકર્તાઓએ કબજો જમાવી લીધો હોવાની જાણ તંત્રને અહેવાલ મારફત કરી હતી એ વાત આજે ફરીથી સાચી પડી છે. હવે તો ખુદ મેયર અને પોલીસ કમિશનર ચૌટાબજારમાં આવી દબાણો નહી કરવા અને કાર્યવાહીની ચીમકી આપી ગયા હોવા છતા બીજા જ દિવસે દબાણકર્તાઓએ ફરીથી ચૌટાબજારમાં કબજો કરી લઇ વધુ એક વાર તંત્રને પડકાર ફેંકયો છે કે 'ચૌટાબજારના દબાણો હટાવવાની શાસકોમાં ક્ષમતા નથી'

# દિલ્હીમાં ધુમ્મસઃ AIEની સુરત શારજાહ ફ્લાઈટ રદ કરવી પડી

**એરઈન્ડિયા** દિલ્હી સુરત ફલાઇટ પણ રદ

**એક્સપ્રેસની** દિલ્હી સુરતની 2 અને ઈન્ડિગોનિવેક મળી ત્રણ ફલાઇટ દોઢથી ત્રણ કલાક મોડી

સુરતઃ દિલ્હીના ઇન્દિરા ગાંધી એરપોર્ટ સહિતના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસને લીધે દિલ્હી એરપોર્ટથી ઓપરેટ થતી સંખ્યાબંધ ફ્લાઈટ રદ થઈ છે. દિલ્હીથી સુરત આવતી અને બીજા ડેસ્ટિનેશન પર કનેક્ટેડ ફ્લાઈટને પણ અસર થઈ છે.

દિલ્હીમાં ધુમ્મસને લીધે ઈન્ડિયા એક્સપ્રેસની સુરત શારજાહ ફ્લાઈટ અને દિલ્હી સુરત ફ્લાઈટ રદ કરી

...અનુસંધાન પાના 5 પર

### આ ફ્લાઇટ રદ થઇ.

- **એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટ નં. IX-૨૭૫ સુરતથી શારજાહ રદ કરવામાં આવી.**
- **એર ઇન્ડિયા ફ્લાઇટ નં. IX-૯૮૪૪ સુરતથી દિલ્હી રદ કરવામાં આવી.**




### આ ફ્લાઇટ કલાકો મોડી પડી

- એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટ નં. IX-૨૬૪, સુરતથી બેંગકોક દિલ્હીથી મોડી આવતા સુરતથી 2 કલાક મોડી બેંગકોક ગઈ.
- ઇન્ડિગો ફ્લાઇટ નં. 6E-૪૯૨, સુરતથી દિલ્હી ઓપરેશનલ કારણોસર 3 કલાક મોડી પડી.
- એર ઇન્ડિયા ફ્લાઇટ નં. IX-૯૮૪૬, દિલ્હીથી મોડી સુરત આવતા સુરતથી દિલ્હી 1 કલાક 30 મિનિટ મોડી ગઇ હતી.

# ડિંડોલીમાં એસિડ પીધા બાદ વીજ વાયર પકડીને યુવકનો આપઘાત

**યુપીનો** પરિવાર મૃતદેહ સ્વીકારવા નહીં આવતાં પોલીસે અંતિમ સંસ્કાર કરી માનવતા દાખવી

સુરતઃ ડિંડોલી નજીકના નવાગામમાં રોજગાર નહીં મળતા માનસિક તાણમાં રહેલા યુવકે એસિડ પીધા બાદ ચાલુ વીજ વાયર પકડીને આત્મહત્યા કરી લીધી હતી. યુવકના પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઇન્કાર કર્યો હોવા છતાં ડિંડોલી પોલીસે માનવતા દાખવી તેના મિત્રોની હાજરીમાં અંતિમ સંસ્કાર કરાવ્યા હતા.

નવી સિવિલ હોસ્પિટલમાંથી મળેલી માહિતી મુજબ, ડિંડોલીના નવાગામ વિસ્તારમાં સી.આર. પાટીલ રોડ પર શિવનગરમાં રહેતા 30 વર્ષીય રવિ રમાકાંત પટેલે ગઇ તારીખ ૧૭ના રોજ રાત્રે પોતાના ઘરે એસિડ ગટગટાવી લીધું હતું. બાદમાં તેણે જીવંત વીજ વાયર પકડી લેતા તે બેભાન થઇ ગયો હતો. તેની અવાજ સાંભળીને પાડોશીઓ દોડી આવ્યા હતા અને તાત્કાલિક સારવાર માટે તેને નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન ગુરુવારે બપોરે તેનું મોત નિપજ્યું હતું.

આ મામલે તપાસ કરતા ડિંડોલી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ પ્રવિણભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, રવિ સાત વર્ષ પહેલા ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના લાલગંજ તાલુકામાંથી પરિવારને છોડીને રોજગાર માટે સુરત આવ્યો હતો. તે મજૂરી કામ કરીને જીવન ગુજારતો હતો, પરંતુ છેલ્લા પંદર દિવસથી

...અનુસંધાન પાના 5 પર


# મિત્રને મારવા માટે જીવંત વાયર ખેંચવા જતાં મોત

**અમરોલીમાં** દારૂ પીધા બાદ મિત્રો સાથે ઝઘડો થયો હતો

સુરતઃ અમરોલીમાં દારૂ પીધા બાદ મિત્રો અંદરોઅંદર ઝગડો કરવા લાગ્યા હતા. જેથી મિત્રને મારવા માટે કઈ નહી મળતા યુવકે વીજ વાયર ખેંચવા જતા તેને વીજ કરંટ લાગતા મોતને ભેટ્યો હતો.

અમરોલી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, અમરોલી અંજની ઈન્ડસ્ટ્રીઝમાં 22 વર્ષીય મનહર પરશુરામ તડવી રહેતો હતો. મનહર મજૂરી કામ કરતો હતો. ગુરુવારે રાત્રે મનહર તેના મિત્રો સાથે દારૂ પીવા માટે ગયો હતો. દરમિયાન દારૂ પીતી વખતે મિત્રો વચ્ચે અંદરોઅંદર ઝગડો થવા લાગ્યો હતો. જેથી મનહરને તેના મિત્રને મારવા માટે કઈ નહી મળતા તે પાસે આવેલ વીજળીના સબ સ્ટેશનમાં જોડેલા વીજ વાયરને પકડીને ખેંચવા ગયો હતો. ત્યારે મનહરને વીજ કરંટ લાગતા ઢળી પડ્યો હતો. જેથી તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.


અવસાન નોંધ



જય યોગેશ્વર સાથે જણાવવાનું કે સ્વ. વિપુલ રસિકલાલ કંસારાનું દુઃખદ અવસાન આજે તા. ૧૯-૧૨-૨૫ના શુક્રવારના રોજ થયું છે. તેમનું ઉઠમણું શનિવાર ૨૦-૧૨-૨૫ના રોજ સવારે ૧૦ થી ૧૧ તેમના નિવાસસ્થાનઃ નાગરશેરી, મહિધરપુરા મુકામે રાખવામાં આવ્યું છે.

શોકમગ્ન પરિવાર

ગં.સ્વ. જીજ્ઞાસા વિપુલકુમાર કંસારા

કૌશલ વિપુલકુમાર કંસારા, જયવદન મોહનલાલ કંસારા, ફોરમ આનંદકુમાર ચાંદીવાલા, પ્રફુલચંદ્ર મોહનલાલ કંસારા, તેજસ રશિકલાલ કંસારા, કલ્પેશ જયવદનભાઈ કંસારા, અભિ તેજસ કંસારા, વૈભવ તેજસ કંસારા

સ્વ. વિપુલભાઇ રસિકલાલ કંસારા
સ્વ.તા. ૧૯-૧૨-૨૫

પાંચમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી



આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપ આદર્શ માર્ગદર્શન હતા, આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ, લાગણીશીલતા અને પરોપકાર અમો આજીવન ભૂલશું નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ.
રાજેશભાઈ રમેશભાઈ પટેલ
વનીતાબેન રમેશભાઈ પટેલ
મો.: 9737117777, 9662125555

સ્વ. કલ્પેશભાઈ રમેશભાઈ પટેલ
સ્વ.તા.૨૦.૧૨.૨૦૨૦

:: બેસણું ::



દિલગીરી સહ જણાવવાનું કે અમારા પરિવારના વડીલ શ્રી છોટુભાઈ ઈચ્છુભાઈ પટેલનું દુઃખદ અવસાન થયેલ છે, પ્રભુ એમની આત્માને શાંતિ આપે. સદ્દગતનું બેસણું તાઃ 21/12/2025, રવિવારના રોજ સવારે 9:00 કલાકે અમારા નિવાસસ્થાને વરીયાવ મુકામે રાખેલ છે.

સ્વ. છોટુભાઈ ઈચ્છુભાઈ પટેલ
જ. તાઃ 27.04.1935
સ્વ. તાઃ 17.12.2025

લિ.
પ્રિયવદન છોટુભાઈ પટેલ, પ્રભાવતીબેન પ્રિયવદન પટેલ | સાહસ પ્રિયવદન પટેલ, ડો. કિંજલ સાહસ પટેલ

સરનામું : 70, ગાયત્રી સોસાયટી, કોળીવાડ, વરીયાવ, સુરત.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઇઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઇઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર — જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

બીજી પૂણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. અજીતભાઈ શંકરભાઈ પટેલ
સ્વ. તા. ૨૦-૧૨-૨૦૨૩

"પ્રેમ અને કર્મથી સહુના મન જીતી લીધા"
"છાને ખુણે રડી લઈશું આવશે તમારી યાદ"
"જ્યાં કુદરત અમારી રૂઠે છે, ત્યાં કોને કરવી ફરીયાદ"
"મન હજુ માનતું નથી કે તમેં અમારી વચ્ચે નથી હયાત"
"પ્રભુ તમારી આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના"

લિ.
ગં.સ્વ. તારાબેન અજીતભાઈ પટેલ
મણીબેન તથા શંકરભાઈ કચરાદાસ પટેલ
ગં.સ્વ. કૈલાસબેન તથા સ્વ. વિનયભાઈ શંકરભાઈ પટેલ (U.S.A.)
પ્રેમીલાબેન તથા મહેશભાઈ શંકરભાઈ પટેલ
રચનાબેન તથા નિમીષભાઈ અજીતભાઈ પટેલ
ધરાબેન તથા જૈમીનભાઈ વિનયભાઈ પટેલ (U.S.A.)
એકતાબેન તથા ગુંજનભાઈ મહેશભાઈ પટેલ
કેયુરભાઈ મહેશભાઈ પટેલ (U.S.A.)
ગં.સ્વ. ધરાબેન તથા સ્વ. નિકુંજકુમાર પટેલ
ભાનુબેન તથા મહેન્દ્રકુમાર પટેલ (U.S.A.)
નીતાબેન તથા જયેશકુમાર પટેલ
બીનીતાબેન તથા મેહુલકુમાર પટેલ (U.S.A.)
ધ્વની, પૂજન, એકાંશ, આવિષ્કા, વંશ, શીયા, પાર્થી, યુગ, રણવીર, રાજવીર,
સમસ્ત પુજાભા પરિવાર (ભુણાવ) ૯૮૨૪૧ ૯૬૩૮૦

પ્રથમ પુણ્યતિથિ એ હાર્દિક શ્રધ્ધાજંલિ



સ્વ. ગોર્વધનભાઈ ડાહ્યાભાઈ રેશમવાલા
સ્વ. તા. ૨૦.૧૨.૨૦૨૪

વર્ષો વીતશે વીતશે કાળ અમાપ, હૈયાના કણ કણમાં છો
સદાય સજીવન આપ, સાથ છોડીને સર્વનો વસ્યા પ્રભુને આવાસ,
શાંતિ પામો સર્વદા એજ અમારી આશ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. મયુર-મનીષા
મેહુલ - પિનાકીની
દિશાંત - હિરીશા
વરૂણ - રેશલ
રાશી - જય
હરનીશ
દેવ્યાંશ - ઈવાના - ધિહાન

પી.જી. રેશમવાલા પરિવાર તથા પુજા એજન્સીજ પરિવાર

વ્હાલી બહેનને ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. દિવ્યાબેન મિથુનભાઈ પટેલ
જન્મ તા.:૨૪-૦૬-૧૯૯૨ । સ્વ.તાઃ ૧૬-૧૨-૨૦૨૫

રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા અમને, માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે તે જ પ્રાર્થના.

લિ.
તેજલ જીતેશ પટેલ, છાયા મિતેશ પટેલ, ખુશ્બુ સુમિત પટેલ, પીયુષા ધર્મેશ પટેલ, સ્નેહા ટીપુલ પટેલ
દામિની મેહુલ પટેલ, ચેલ્સી જયેશ પટેલ, અમીષા શશીકાંત પટેલ, જીગ્નીષા પ્રિયાંક પટેલ, તથા સમસ્ત પરિવાર